ફ્રે.. ટોમસ યાને શરીફ બદમાશ

ગુ જ ભ ર જર ત ૪૦ ભા ગ નાં ત ૬ ૧



ન વી ડી ટે કટી વ સી રી ય લ

સોભ સીનેમા સેન્ડહર્સ્ટ રેડ-મુંબઇ.

નં. ૪ કીંમત માત્ર અધો આનો

૪૦ ભાગ **ફેન્ટોમસ** ૪૦ ભાગ

યાને

શરીફ બદમાશ

૪૦ ભાગની તદન નવી ડીટેકટીવ

સીરીયલ

વીલ્યમ ફોક્ષની કળાનો નમુનો

સીરીયલમા ભાગ ભજવતાં કેટલાક જાણીતા

અને પ્રજાના માનીતા પાત્રો —

ફેન્ટોમસ--એડવર્ડ રોઝ મેન,

સંકડો વેષ બદલી ભલભલા ડીટેકટીવોને થાપ આપનાર
એક શરીફ બદમાશ

રૂથ— મીસ "એ ના મરફી" જેકની માશુક હેરીગટનની એકની એક લાડકી દીકરી.

હેરીગટન—એક કીમીયાગર, રૂથનો બાપ

જેક—"જોની વોકર," એડી પોલોના ડ્રામા બનાવનાર જાણીતો ફીલમ પ્રોડયુશર રૂથનો આશક

ડીક્ષન—અમેરીકાનો પ્રખ્યાત ડીટેકટીવ એક વફાદાર વીરનો

ડવ બેલફોર—ફેન્ટોમસની માશુક

શરીફ બદમાશ.

ચોથું અઠવાડયુ

ઉલ્ફતમે બરાબર હય વફા હો કે જફા હો
હર બાતમે લઝઝત હય મગર દીલમે મઝા હો
હમ તુમ હો શબે વસ્લ અકેલે તો મઝા હો
હમસે હો અદબ દુર હયા તુમસે જુદા હો
નય રંગીએ હુસ્ન ઉન્કી યે કહેતી હય શબે વસ્લ
ચીતવનમે શરારત હોતો આખો મે હયા હો

રૂથ પેલા ભૂત પ્રેતનો આભાસ કરાવતા ભયંકર અને ચોમેર વિચિત્ર ધ્વનીના ભણકારાનો ભાસ કરાવતા ફેન્ટામસના ભુતમહાલ કિંવા લીનવુડ હાઉસમા પોતાના પ્રિય જેક સાથે સપડાઇ હતી નહી જોએલી ભયંકર આકૃતિઓ અને વિચિત્રતાથી ભરેલા ને બીહામણા મકાનમા પોતાના પિતાને મળવા આવતા બાપડી રૂથ પોતાના પ્યારા જેકને પણ ખોહી ચુકી હતી, પેલા એક પલીત જેના બુઢ્ઢાને પકડવા જતા જેક એક ફાલક વાઈ ભોયરામા પડી કેદ થયો હતો જ્યારે રૂથ ગભરાતી અકળાતી ત્યાંજ ઉભી હતી જેકના કેદ થયા પછી છેલ્લો બુઢ્ઢો પોતાના

કરચલી વળી ગયેલા ભયંકર હાથમા ચકચકતી તીક્ષ્ણ કટાર પકડી રૂથની કોમળ છાતી વીંધી નાખવા આગળ અને આગળ વધતો આવતો આપણે જોઇ ચુકયા છીએ પેલા બુઢાના મંદ પગલા રૂથના હૈયામા ભય કરતા પેદા કરતા હતા, રૂથ કમકમતી હતી અને આપણે પણ એમ ધારી બેઠા હતા કે પેલો બુઢો હવે રૂથને જરૂરજ મારી નાખશે શુ રૂથ મરી જશે ? સવાલનો જવાબ મેળવવા અગાઉ થોડુંક ચોથા અઠવાડીયાનો પરિચય કરાવતુ લખાણુ વાચી લ્યો

× × × +

એક તરફ બુઢો રૂથને મારી નાખવા હાથમા છરી સહીત આગળ વધ્યે જતો હતો ત્યારે બીજી બાજુએ ભોયરામા કેદ પકડાયલા જેકને મારી નાખવા કોઇએ ઉપરથી બંદુકની ગોળી ટાકી એક તો તે ભોયરામા જગ્યાજ બહુ જુજ જેવી હતી છતા તે ગોળાથી બચવા બાપડો જેક અંદરને અંદર અહીથી ત્યા ધસ્તો કે જેથી નીશાનો ખતા ખાઇ જાય પેલો બંદુક ટાકનાર પણ જેકની ધમ ચકરીથી નીશાનો ટાકી ન શકતો જયા જેક નહાસતો ત્યા તે પોતાની બંદુક પણ ફેરવતો અને ભોગજોગે જેકના હાથમા તે બંદુકની નાળી આવી ગઇ બહુજ સંભાળપૂર્વક તે નાળીને પકડી આપણી વાર્તાનો નાયક જેક તે પર લટકી ગયો, બંદુક પકડનારો ગોળીઓ છોડી છતા જેકે તે નાળી એટલી તો સફાઇથી પકડી હતી કે બંદુક મારનાર તેને એક પણ ગોળી મારી ન શકયો, તે બદલ જેકે પોતાના બાહુ બળથી બંદુકને જોરમા ખેચતા પેલો ઉપર ઉભેલો પુરૂષ પણ અંદર પડયો હવે શુ પુછવાનુ હતુ ? વાઘના હાથમા શીકાર લાગ્યો હતો, ભુખ્યા વાઘે તેને પકડી લીધો જે કે તેને પોતાના પંજામા સપડાવ્યો અને લોખંડી હાથ ધરાવતો વીર યુવક પોતાની મુકકીઓથી પેલાને લોથ જેવો કરી નાખ્યો જોત જોતામા જેકના હાથથી નરમ બની પેલો લુચ્ચો બેભાન થઈ તુટી પડયો

રૂથની બરોબર પાસે આવતા પોતાના અશક્ત હાથોમા ધરેલી ભુક્ષણ કટાર પેલા બુઢ્ઢાએ હવામા ઉંચી કરી અને પછી ધીમે ધીમે

રૂથના કાળજાને ચીરી નાખવાને જ્વીતનો હાથ નીચે ઉતર્યો અને હજી તો તે હરામખોર–ભયંકર આકૃતિ–રૂથને બાથી મારી નાખે તે અગાઉ તો બેદી પડદામા સતાએલો એક પુરૂષ ત્યા દેખાયો અને જેવો તે ત્યા દેખાયો કે તેના મોઢામાથી આજ્ઞા કરતા શબ્દો બહાર પડયા. "થોભ બુઢ્ઢા, અને તરતજ તે બુઢ્ઢો ભડકી ઉઠયો તેના હાથો નીચે પડયા. અને વધુ હુકમની તે વાટ જોતો ઉભો આવનાર ભેદી બુરખાવાળાએ ફરીને બીજો હુકમ કરતા બોલ્યો, "રૂથને બીજા ઓરડામા કેદ કરો," અને તરતજ તે હુકમનુ પાલન થયુ પેલા બુઢ્ઢાએ રૂથને પોતાની બાથમા લીધી અને જોત જોતામા તો તે ઓરડો મૂકી બાજુમાજ આવેલા એક બીજા ઓરડામા આજ્ઞા પાલક બુઢ્ઢો રૂથને ઉચકી ગયો

જે ઓરડામા રૂથ કેદ હતી તેથી બરાબર ઉપરના માલમા અત્યારે ભેદી બુરખાવાળાઓની એક સભા ભરાઈ હતી, હા ખરેખર તે આકૃતિઓ ભયંકરજ હતી અને વળી આજે કોઇ ભયંકર અને અકૃત્ય કૃત્ય કરવા મસલત ચલાવવા કાજેજ ફરજનો ભેગા થયા હતા સભાના મુખરે ફેન્ટોમસ પોતાના કાળા જભ્ભામા લપટાયેલો ખુની જેવા ડોળા કકડાવી રહયો હતો તેના હાથો વારે ઘડીએ હવામા ઉછળતા અને ગુસ્સામાજ તેની મજબુત મુઠ્ઠીઓ વચ્ચે પડેલા ટેબલ ઉપર પટકાતી ઉપર જ્યારે ફેન્ટોમસ પોતાના ગોઠીયાઓ સાથે હેરીંગટનનુ કીમીયુ બનાવવાની રીત હાથ કરવાની મસલતમા ગુથાયો હતો, ત્યારે જેક અત્યારે તે ફાલકામા તે માણસને બેભાન કરી જવભાનો અંગીકાર કરી રહયો હતો ફેન્ટોમસની ટોળકીના પેલા લુચ્ચાને મારી તેનો જભ્ભો પહેરી જેક બહાર નીકળ્યો અને રૂથને શોધવા તેજ ઘરમા ચોમેર ભટકવા લાગ્યો

- એક તરફ રૂથ કેદમા હતી બીજી બાજુએ જેક પેલા ભેદી બુરખામા લપેટાઇ પોતાની પ્રિયતમાને શોધી રહયો હતો ત્રીજી તરફ ફેન્ટોમસ પોતાના ગોઠીયાઓ સાથે હેરીંગટનનુ કીમીયું હાથ કરવા મસલત ચલાવી રહયો હતો ત્યારે તેને ચહાતી પેલી હજી સુધી ન ઓળખાયલી મી ડીકસન અને રૂથના પિતા હેરીંગટન સાથે લીનવુડ હાઉસમા આવી પુગી, તે ફેન્ટોમસ જેવા હરામખોરના પ્રેમમા નાસીપાસ થયા પછી

તે પર વેર વાળવા અત્યારે ડીટેક્ટીવ તેમજ હેરીંગટનને લઈ આવી ફેન્ટોમસને પકડાવી દેવા માગતી હતી અને જેવી તે પોતાની મોટરમાંથી ડીટેક્ટીવ ડીક્સન અને હેરીંગટનને સાથે લઇ ઉતરી તેવીજ ફેન્ટોમસની નજર તે પર પડી અને તે ભડક્યો હા . ખરેખર એકવાર જે સ્ત્રી ફેન્ટોમસને ચાહતી હતી, તેજ સ્ત્રી આજે તેને પકડાવી દેવા માગતી હતી

ફુડક કર મુર્ગે બીસ્મીલકી તરફ આશક જો મરતે હય,
યે મકતબમે ઉડ્સે તેગ કે સદકે ઉતરતે હય

ફેન્ટોમસની નજર તેઓ પર પડી અને તે તુરત સાવચેત થયો, અને તરતજ પોતાના માણસો પ્રત્યે ફરતા તે બોલ્યો "જુઓ, ડીક્સન અને હેરીંગટન પણ આપણા હાથમા આવી ગયા છે સાવચેત રહી કામ કરજો અને તેમને સપડાવી લજો" એટલુ કહેતા તેણે બધા માણસોને સભાળ લેવા કાજે છુટા કર્યા અને પોતે રૂથ પાસ આવતો રહયો રૂથ પાસે આવતા તેણે તે બીમીવાળાનો હાથ પકડયો અને કહ્યુ, કેમ રૂથ ! હજી પણ મારી સાથે પરણવા રાજી થાય છે કે નહીં ?'

'નહી' રૂથે કડક જવાબ આપ્યો


'નહીં ?' ફેન્ટોમસ પડઘા કર્યો 'જો તુ તારી હઠ હજી નહીં મૂકે તો હેરાન થશે, તારો પિતા પણ હવે લીનવુડ હાઉસમાજ આવ્યો છે એટલે એક મટી હવે બે બે શીકારો મારા હાથમા છે.

ભલે હોય," રૂથે હુકમાજ બનાવ્યુ અને ફેન્ટોમસ ત્યાથી ચાલતો થયો

ડીક્સન અને હેરીંગટન જેવા પેલી સ્ત્રી સાથે લીનવુડ હાઉસમા દાખલ થયા કે તરતજ પેલી સ્ત્રી તેમને ત્યાજ મુકી અદર ચાલતી થઇ ડીક્સન ચોમેર જોતો સચેત ઉભો હતો, અને આફત આવે તો તે સામે ટક્કર ઝીલવા તઇયારજ હતો એટલામા તેની નજર જમીન પર પડી અને તેણે ત્યા એક ચીઠ્ઠી પડેલી જોઇ વળી તેમા પોતાનાજ હસ્તાક્ષરો જોઇ તે વધુ ભડક્યો, કારણ તે ચીઠ્ઠી બીજી કોઇજ નહીં પણ

ઘણાજ લાંબા વખત પછી મુંબઈની મોજીલી તમાશબીન આલમ સન્મુખ આવી એક જોરાવર ડીટેકટીવ સીરીયલ રજુ થઈ છે અને તેનો લાભ ડીટેકટીવ વારતાના શોખીનો પુરતા જથ્થામા લેતા જાય છે

વીલ્યમ ડંકનની તદ્દન નવી ડીટેક્ટીવ સીરીયલ



૪૦ ભાગ ડેન્જરસ [illegible] ૪૦ ભાગ

આવી એક ડીટેકટીવ સીરીયલ જોવી એ ઇનસાન જાતની જીંદગીની મોટામા મોટી મોજ છે

રૂથને મળેલી ચીઠ્ઠી હતી, જે ચીઠ્ઠી વાચ્યા પછીજ તે લીનવુડ હાઉસમાં પોતાના પિતાને મળવા આવતા આફતમાં સપડાઇ હતી, ચીઠ્ઠી મળતાં તે વધુ સચેત થયો, અને હેરીંગટનને ત્યાજ મુકી તે મદદ લાવવા ચાલતો થયો

પેલી સ્ત્રી તો અદર દાખલ થઇ અને તરતજ ફ્રેન્ટોમસ તેને મળ્યો, તેના નેત્રો અત્યારે ક્રોધાગ્નિથી લાલચોળ થઇ રહયા હતા પેલી સ્ત્રીને જેતાજ તે બોલી ઉઠયો પેલા હેરીંગટન અને ડીકસનને અહીં શા માટે લઇ આવી છે?"

"મારી મરજી,'' તે બોલી 'તને તો માત્ર કીમીયુ બનાવવાની રીતના કા ગાજ જોઇતા હતા, ત્યારે પછી રૂથને તે શા માટે રાખી છે?

"ચાલ ત્યારે હવે હુ સોગન ખાઉ છુ કે તેની સાથે ન પરણુતા તારીજ સાથે પરણીશ" એટલુ કહેતા ફ્રેન્ટોમસે તેના હાથ ઉપર એક ચુબન લીધુ, અને સળગતી આગ હાલ તરતતો ઓલવાઇ

જેકતો હજી પણ પોતાના ભેદી બુરખામા રૂથને શોધી રહયો હતો પણ રૂથ તેને ક્યાથી જડે? તે તો ફ્રેન્ટોમસના પજામા હતી. છતા ઉપયોગી પ્રેમીને તો હજી પણ તેને શોધી કાઢવાની સપુર્ણ આશા હતી.

રહેગા ચયનસે કબતક બતા મુજસે જુદા હોકર,
કે મીલ જાઉગા મૈ અય દીલરૂબા તુજમૈ ફના હોકર

જેક જયારે રૂથને શોધી રહયો હતો, ત્યારે ફ્રેન્ટોમસ પોતાના ખાસ સફેદ પુરૂષને રૂથને લઇ આવવાનો હુકમ આપ્યો સફેદ પુરૂસ ત્યાથી ચાલતો થયો અને ફ્રેન્ટોમસે ભેદી બુરખાવાળાઓની ફરીને સભા બોલાવી રૂથ પણ તેમા લાવવામા આવી અને ફ્રેન્ટોમસે ડોળા કાઢતા તે નિર્દોષ બાળાને પુછ્યુ " કેમ હવે મારી સાથે પરણવુ છે કે નહિ?"

"નહી" રૂથે જોરમાજ કહયુ!

"ચાલો કેદ કરેલા હેરીગટનને અહી ઉપાડી લાવો ફેન્ટોમસે કહ્યું અને તરતજ તેની આજ્ઞાનુ પાલન થયુ ફેન્ટોમસના સાથીઓ-એ જોત જોતામા હેરીગટનને ત્યા ઉપાડી લાવ્યા

હેરીગટનના ત્યાં આવતા ફેન્ટોમસે કીમીયા બનાવવાની રીતના ભેદી ભાષામા લખાયલા કાગળનો તરજુમો કરવા કહ્યુ છતા તેણે તો કુરતા પૂર્વક નાજ પાડી ફરીને તે લુચ્ચાએ જોરમા કહ્યુ હેરીગટન શુ ?" કાગળનો તરજુમો નહીજ કરશો ?

"નહી અને કદી નહી"

ચાલો ત્યારે આની આખ ફોડી નાખો, ફેન્ટોમસે ક્રુરતા દર્શાવી પણ .. થોભો, હુ દરેક સભાસદ પાસે એક એક પાનુ નાખુ છુ, જેની પાસે એકો નીકળે તે હેરીગટનની આખ ફોડે"

એટલુ કહેતા ફેન્ટોમસે રમવાના પાના હાથમા લીધા અને એક પછી એક સભાસદ આગળ એક એક પાનુ નખવાનુ શરૂ કર્યું, જેક પણ તેજ સભામા બેઠો હતો, એટલે તેની પાસે પણ એક પાનુ ફેન્ટોમસે ફેક્યુ દરેક સભાસદને આપ્યા પછી તેણે વારાફરતી ખોલવાનો હુકમ કર્યો અને એક પછી એક માણસ પાનુ ખોલવા લાગ્યુ છેવટે એકકો જેક પાસે નીકળ્યો, અને હેરીગટનની આખ ફોડી નાખવાનું કામ તેને સોપવામા આવ્યુ, આહ! હેરીગટન હવે કીમીયા બનાવવા ખાતર તેને પોતાની આખો ખોવાનો પણ વખત આવી પુગ્યો તેની મદદ કરનાર અત્યારે ઇશ્વર સીવાય કોઇ ન્હોતુ, સગા સંબધીઓ મિત્રો કે સગા ઔર તેની પાસે રહેલી લક્ષ્મી પણ તેને કામની ન્હોતી

મેરી કીશ્તી અભી દરીઆમે ગમસે પાર હો જાવે,
જો આ જાઓ કોઇ દમકો ખુદારા નાખુદા હોકર

હેરીગટનની આખો ફોડી નાખવા માટે લોઢુ તપાવવામાં આવ્યું જે [illegible] અને કહી દેવું જોઇએ કે જેકેજ કર્યું લોઢાનુ સળીયુ જેમ જેમ ધગધગતા અગારામા લાલચોળ થતુ તેમ તેમ બાપડા હેરીગટ-

નનો આત્મા નીકળતો જતો, અને છેવટે તે પળ આવી પુગી કે જેમા તે હામીયાગર પોતાની બન્ને આખો ખોદી દેનાર હતો જેકે તપાવેલ સળીઆ હાથમા લીધા અને ધીમે ધીમે તે હેરીગટનની આખ આગળ લઈ ગયો અને હજી તો તે જરા પણ તે સળીઆ હેરીગટનરી આખે સ્પર્શે એટલામા પેલોજ પલીત જેવો બુઢઢો ત્યા દાખલ થયો અને હાથમા પકડેલી પીસ્તોલ ફોડી બધાને ગભરાવી માર્યા, બધા ઉભેલા પેલા બુઢઢા તરફ જોઇ રહયા હતા તે તકનો લાભ લઇ જે કે, હેરીગટનને બધન મુક્ત કરી રૂથને સાથે લઇ બારી વાટે લઇ ચાલતો થયો, પેલો બુઢો પણ તેઓ સાથેજ ઉપર આવતો રહયો અને જેવા તેઓ એક ઓરડામા આવી પુગ્યા કે શ્વેત કપાસ જેવા વાળવાળો તે બુઢો રૂથને પસવારવા લાગ્યો તેના કોમળ હાથો ઉપર ચુબન કરવા લાગ્યો અને જેવો તેણે તેના પુષ્પ સમ કોમળ ગાલ ઉપર ચુબન લેવાનો નિશ્ચય કર્યો કે તરતજ જેકે તેને ધક્કો દીધો, તે બુઢો રૂથ ઉપર મોહિત થયો હતો રૂથના પ્રકાશમાન અને તેજોમય સૌદર્યમા મુગ્ધ બનેલો તે બુઢો તેને ચાહતો થયો હતો, એમ કહો કે

બુઢ્ઢીકા નાઝ દેખીએ પહેલુએ પીરમે

કયા જોશ આ રહા હય પુરાને ખમીરમે

જેકે પેલા બુઢાને ધકેલી દીધો અને જેવો તે બુઢો બાજુમા જઈ પડયો કે તરતજ ફ્રેન્ટોમસ ઉપર જણાયો ફ્રેન્ટોમસને જોઈ જેક પોતાની માસુક અને હેરીગટન સાથે ન્હામવા ગયો, પણ અફસોસ ..ચોમેર ફરી વળેલા ફ્રેન્ટોમસના માણસોના હાથમા તેઓ છેવટે સપડાયા બધાના સપડાતા ફ્રેન્ટોમસ આગળ વધ્યો અને કહયુ આહા આજે રૂથ તેમજ ફ્રેન્ટોમસના લગનની ખુશાલીમા હાજરી આપી અમને માન લેવા સમ નીવડશે

ફ્રેન્ટોમસના આ કટુ વચનોથી જેક વીધાયો અને ગુસ્સામાને ગુસ્સામા ફ્રેન્ટોમસને ધક્કો મારી નાઠો, જેવો જેક નાઠો તેવાજ માણસો પણ તેને પકડવા નાઠા અને આ ઓરડામા ફ્રેન્ટોમસ, રૂથ હેરીગટન અને પેલો બુઢો રહયા.

૪૦ ભાગની ભેદ ભરમોથી ભરપુર ભરેલી અને ઘણાજ નવા નવા બનાવોવાળી સીરીયલ બનાવવાનુ કામ ખાવાનુ કામ નથી પણ જેને



ફેન્ટોમસ યાને શરીફ બદમાશ

વરસોનો અનુભવ હોય, જે પુર છુટે હાથે પૈસા ખરચી જાણતા હોય જે સારામા સારી સીનરીઓ લખી જાણતા હોય જેનો ડાયરેક્ટર ઘણોજ બાહોશ હોય તેજ આવી મહાન સીરીયલ ઉતારી શકે છે

જેકના ન્હાસી જતા ફ્રેન્ટોમસ આગળ વધ્યો, અને જેવો તે રૂથને ચુંબન કરવા ગયો કે તરતજ પેલો બુઢો ઉભો થયો અને ફ્રેન્ટોમસને ધક્કો મારી રૂથનો બચાવ કરવા લાગ્યો કારણ કે તે બુઢો એમજ માનતો હતો કે રૂથ તેને જરૂરજ મળશે

ફ્રેન્ટોમસને ધક્કો મારી એટલેથીજ ન અટકતા પેલા બુઢાએ તલવાર પણ હાથમા લઇ લીધી અને તે અઠંગ ઉઠાઉગીર ફ્રેન્ટોમસ સાથે દદ્ધ યુદ્ધ રમવા તૈયાર થઇ ઉભો ફ્રેન્ટોમસે પણ તલવાર લઇ લીધી અને આ બન્ને દદ્ધ યુધ્ધ રમવા તૈયાર થઇ ગયા લડાઇ ચાલુ થઇ તલવાર બાજીની કળામા પ્રવિણ જણાતા તે બન્ને લડવૈયા લડયેજ જતા હતા જે તકનો લાભ લઇ હેરીંગટન પોતાની પુત્રીને સાથે નીચે લાવવામા આવ્યો પેલો બુઢ્ઢો લોચપોચ થઇ ગયો અને થોડીજવાર પછી રૂથને ચાહનારો બુઢો આશક રૂથ માટે મરી ગયો ફ્રેન્ટોમસે તેને મારી નાખ્યો અત્યારે તે ઓરડામા પેલ્લા બુઢાની લાશ અને ફ્રેન્ટોમસ સિવાય કોઇ ન્હોતુ. પેલા ક્રૂર પ્રાણીએ પેલા બુઢાને મારી તેની લાશ ઉચકી લઇ જવાનો હુકમ આપ્યો અને મેદાન ખાલી દેખાયો

ફ્રેન્ટોમસ પેલા બુઢાને મારી પેલાજ ઓરડામા બેઠો હતો છતા તેને નીરાત ન્હોતી પેલા બુઢ્ઢાની ભયકર આકૃતિ તેની સમક્ષ ખડી થતી ઘડીકમા પેલો બુઢ્ઢો તેનુ ગળુ દાબી મારી નાખવા માગતો હોય એમ તેને જણાતુ તો વળી કોઇવાર તે હાથમ તલવાર સહીત લડતો દેખાતો ભલ ભલાઓને મારી ફેકી દેનાર ફ્રેન્ટોમસ જો ગભરાયો હોય તો માત્ર તે બુઢ્ઢા ભુતથી છેવટે તેણે શુ જોયુ ? પેલો બુઢ્ઢો અંદર આવતો જણાયો ફ્રેન્ટોમસ ગભરાયો દરવાજો ખુલતા તે અદર આવ્યા અને જડપથી તે ફ્રેન્ટોમસનુ ગળુ દાબવા મડયો ફ્રેન્ટોમસના હાથ પગો ઠડા થઇ ગયા અને જોત જોતામા તો તે બુઢ્ઢાએ ફ્રેન્ટોમસને ત્યાજ બાધી નાખી દીધો

ન્હાસેલા જેકની શોધમા રખડતા માણસો ચોમેર શોધતા હતા અને છેવટે જેકના દુર્ભાગ્યે તે તેમની નજરે ચઢી ગયો જેક પર પેલા હરામીઓની નજર પડનાજ તેઓ હાથ ધોઈ પાછળ લાગ્યા અને જોત-

જોતામા તે વીર યુવકને બાંધી જ્યાં રૂથ અને હેરીંગટન બાંધવામાં આવ્યાં હતા ત્યા લાવી બાંધી દીધો પણ હજી તે લુચ્ચાઓને ક્યા ખબર હતી કે અહી તો કાંઈ બીજુજ બનવાનુ છે પેલા બુઢ્ઢાનો ભુત કોઇ બીજુજ કરવાનો છે

જે કોટડીમા આ ત્રીપુટી પુરાઇ હતી તે કોટડીમા પહેરો ભરતા પહેરેગીરોની નજર એકાએક દરવાજા પર પડી અને તેમણે શુ જોયુ ? દરવાજો ખુલ્યો અને પેલાજ બુઢ્ઢારાજ હાથમા સળગતા એકબોંબ સહીત પધાર્યા પેલા બુઢ્ઢાના ભુતના હાથમા બોંબ જોઈ બધા પહેરેગીરો ગભરાઇ ગયા માત્ર પહેરેગીરોજ નહી પણ રૂથ જેક અને હેરીંગટન પણ હવે પોતાની જીંદગીથી નીરાશ થઇ ગયા પેલા બુઢ્ઢાએ સળગતુ બોંબ જમીન ઉપર મુકી દીધુ અને જેવુ તેણે તે ભુમી ઉપર મુક્યું કે તરતજ ચોકીદાર જાન સલામત લઇ ત્યાંથી ન્હાસી ગયા અને પેલા બુઢ્ઢા કાકાએ મેદાન સાફ દેખાતું જોઇ બધાએલા રૂથ હેરીંગટન તેમજ જેકને બધન મુકત કરી નીચે ઉતર્યાં પેલો બોંબ તરતજ બુજાવી નાખવામાં આવ્યો અને ત્યારેજ બધાઓએ છુટકારનો દમ ખેચ્યો અને હજી તો પોતાની જાન સલામત રાખનાર પેલા બુઢ્ઢા પ્રત્યે આ ત્રીપુટી ધ્યાન આપે તે આગાઉ તો તેણે પહેરેલી નકેલી દાઢી અને મુછ કાઢી નાખ્યા દાઢી મુછ નીકળતા જેક, રૂથ અને હેરીંગટન જોઇ શકયા કે તે બુઢ્ઢો કોઇજ નહી પણ તેઓનો ખાસ રક્ષક ડીટેકટીવ ડીકસન હતો

બધાએલા ફ્રેન્ટોમસના ઓરડામા પોતાના બધન છોડવા તે ધમ પછાડા મારી રહયો હતો છતા બુઢ્ઢાનો વેશ ધારી ડીટેકટીવ ડીકસને તેને એવી તો મજબુત રીતે બાંધ્યો હતો કે તેનુ છુટવુ અશકય હતું ફાંફા મારતો ફેન્ટોમસ ત્યાંજ ગોધાઈ રહયો હતો એટલામા એક વાર ફરી દરવાજો ખુલતો જણાયો ફેન્ટોમસની પ્રિયતમા અદર દાખલ થતી જણાઇ ફેન્ટોમસને બંધાયલો જોઇ પ્રથમતો તે અજબ થઈ ગઇ પણ પછી તે લુચ્ચીં પાસે જતા તેણે કહયુ "ફેન્ટોમસ જો છુટવા માગતો હોય તો રૂથને ફરી નહી જોવાનુ મને વચન આપ"

"હા હા હું વચન આપુ છુ" છુટવાની આશામા સબડતો ચોર બોલ્યો મને તેના વચન ઉપર વિશ્વા રાખી તેના ખીસામાથી કીમીયુ બનાવવાની કાગળો છીનવી લઈ પેલી સ્રીએ ફ્રેન્ટોમસને છુટો કર્યો. જેક, હેરીગટન અને રૂથને છેડી ડીટેકટીવ ડીકસન બધાએલો ફ્રેન્ટોમસને કેદ કરવા તે પેલા ઓરડામા આવતો રહયો પણ બધાની અજાયબી વચે ફ્રેન્ટોમસ ત્યાથી ગુમ થએલો જણાયો હજી તો તેઓ ફ્રેન્ટોમસના ભેદી રીતે ગુમ થવા સબધે કાઈ વિચાર કરે તે અગાઉતો ચોમેરથી ફ્રેન્ટોમસના માણસો ફરી મળ્યા મને એક વાર ફરીને તેઓ તે લુચ્ચાના હાથમા સપડાયા પણ સપડાયલી ચારે વ્યકતિઓને ફ્રેન્ટોમસના માણસો કેદ કરી શકે તે અગાઉ તો પોલીસના સીપાહીઓ તે ઓરડામા ધસી આવ્યા અને ફ્રેન્ટોમસ તેમજ પેલા સીપાહીઓના માણસો વચ્ચે મરામારી જામી મારામારીનો લાભ લઇ રૂથ હેરીગટન ડીટેકટીવ અને જેક બહાર નાઠા અને રસ્તામા ઉતરના ડીટેકટીવે એક વાર ફરી તેમને ઉભા રહેવા એક વાર ફરી તે ધરની એટલે લીનકમ હાઉસની મુલાકાત લેવાની ઇચ્છા દરશાવી ચાલતો થયો

ડીટેકટીવના જતા આ ત્રીપુટી પાછળ ફ્રેન્ટોમસના માણસો લાગ્યા અને પિતા પુત્રી એકવાર ફરી છુટા પડયા જેક અને રૂથ નહાસવા લાગ્યા જ્યારે હેરીગટન ફ્રેન્ટોમસની પ્રીયાને ભેટી શકયો

પેલી સ્રી હેરીગટનને મળી અને તેના ખભા ઉપર હાથ મુકતા બોલી 'હેરીગટન તારા કીમીયા સબધે મારે કાઇ વાતચીત કરવી છે માટે એકાત સ્થળે મારી સાથે ચાલ" પેલી સ્રીની વાત સાભળી તે પણ આગળ વધ્યો અને એક ઝાડ પાસે આવી તેઓ વાતચીતે વળગ્યા, એટલામા ત્યા કોઈ એક ત્રાહીત ભટકતો પેલી સ્રીને દેખાયો પેલા અજાણ્યાને ત્યા જોઈ તે બોલી ઉઠી 'ફ્રેન્ટોમસ ની ટોળકીના માણસોની વાત સાભળતા તુ જરા પણ ડરતો નથી?"

"ના ના બાઇ મારે ફ્રેન્ટોમસની ટોળકીમા દાખલ થવુ છે માટે તમારી મુલાકાતે આવ્યો છુ."

જ્યારેથી એક સારી ચીઝ મુમ્બઇના પ્રેક્ષક વર્ગ સામે રજુ કરવામા આવે છે ત્યારે ઘણે દુર દુરથી લોકો તે જોવાને મોટી સખ્યામાં ઉતરી પડે છે આ કેન્ટોમમની સીરીયલ પણ તેવીજ સારી રસીક ચીઝ



છે માટેજ લોકે તે જોવાને ઘણે દુર દુરથી ગાડી ભાડુ ખરચીને આવે છે હવે આના કરતા તમોને આ ડીટેકટીવ સીરીયલનો બીજો ધરખમ પુરાવો શુ જોઇએ ?

"જો તારે ફેન્ટોમસની ટોળકીમા દાખલ થવુજ છે તો આ માણસ પકડી મારી સાથે ચાલ" પેલી સ્ત્રીએ હુકમ કર્યો, અને તરતજ પેલ ત્રાહીતે હેરીંગટનને પકડી લીધો

હેરીંગટનને કેદ કરી પેલી સ્ત્રીએ તેને ઘેર લઈ ચાલવાનો હુકમ આપ્યો અને જોતજોતામા તો તેઓ ત્રણે ઘેર આવી પુગ્યા, હેરીંગટનને એક ઓરડીમા લાવી પેલી સ્ત્રી બોલી "હેરીંગટન હવે આ તમારા કીમીયા બનાવવાના કાગળો હુ પ્રમાણીક છુ એમ હવે તમે માની શકતા હશો

હેરીંગટન અને પેલી સ્ત્રી જ્યારે ઓરડીમા વાત કરતા હતા ત્યાં બહાર પહેરા ઉપર ઉભેલો પેલો નવિન માણસ ફેન્ટોમસની પીસ્તોલથી આધીન થયો હા ફેન્ટોમસ પોતાની પીસ્તોલની ગોળી પેલા નવિન પુરૂષ પ્રત્યે ટાકી આવતો હતો, પાસે આવતા ફેન્ટોમસે ક્રોધથી પુછ્યુ "કેમ!

અહીં આવવાનુ કઇ કારણ!"

"સાહેબ આપની ટોળકીમા દાખલ કરાવવા પેલા બાનુ લઇ આવ્યા છે" અને હજી તો પેલો ત્રાહીત પુરૂષ પોતાની વાત બધ કરે ને અગાઉનો પેલીજ સ્ત્રી તથા આવી આવતા હેરીગટને પોતાના ભયકર દાતો તેની સામે કચકચાવતા કહયુ, ચાલ પેલી ઓરડીમા છુપાએલા હેરીગટનને બહાર કાઢ"

હુકમ છુટયો, અને તરતજ હેરીગટનને બહાર લાવવામાં આવ્યો

પાછળ લાગેલા માણસોથી બચવા ન્હાસતા ન્હાસતા જેક અને રૂથ એક જગ્યાએ આવી જરા થાક દુર કરે છે પણ શાતી તો તેના નસીબમાજ ન્હતી એટલે તે શુ કરે' તથા પણ ફેન્ટોમસના ભટકતા એક મવાલીએ તેમનો પીછો પકડ્યો અને જેક સામે પીસ્તોલ ફોડી પણ સારા નસીબે જેકને તે ગોળી લાગવા ન પામી જેક બચ્યો અને તરતજ તયાથી રૂથને લઈ ન્હાસતો ન્હાસતો રેલ્વે સડક ઉપર આવી દોડવા લાગ્યો ફેન્ટોમસના બાધીઆએ પણ પાછળ લાગયા હતા છેવટે ઘણી વાર દોડી દોડી થાકી ગયેલા જેક અને રૂથ પેલા હરામીઓના હાથમા સપડાયા

અને તેઓને રસ્સાથી જકડી દેવામા આવ્યા એટલેથીજ ન અટકતા રેલ્વેઓએ રેલ્વેના પાટા ઉપર તે પ્રેમ જોડાને સુવરાવી પાટા સાથે બાંધી ચાલતા થયા, હા. રૂથ અને જેક પાટા ઉપર બધાએલા હતા જ્યારે સામેથી એક આગગાડી ફુફાડા મારતી તેમને કાપી નાખવા આવતી હતી. અને છેવટે માત્ર પંદર ફુટનો તફાવત રહી ગયો.

એક તરફ જયારે જેક મનોહર રૂથ પાટા ઉપર બધાયલા હતા ત્યારે ત્યા હેરીંગટન ફેન્ટોમસના હાથમા સપડાયલો હતો

શું રૂથ અને જેક કપાઇ મરશે ?

પેલો નવો માણસ કોણ છે ?

હેરીંગટનને મારી નાખવાનો હુકમ મળ્યો છે, શું તે મરી જશે ?

ફેન્ટોમસની માશુક વફાદાર છે કે નહીં ?

પાચમાં અઠવાડીયાનુ અમારૂ આમ ત્રણ સ્વીકારશો

એટલે સઘળા ખુલાસા થઇ જશે

આ ફેન્ટોમસ ની સીરીયલે આખાં મુંબઇમાં

મોટો હો-હેં-કાર મચાવ્યો છે.

અને લોકોનો હરેડો આ નામચીન ભેદ ભરમોથી ભરેલી સીરીયલ જોવાને રોજ બ રોજ વધતો અને વધતોજ જાય છે તેજ આ મહાન સીરીયલની અચુક સાબેતી છે.



ફેન્ટોમસનો અંત હવે નજદીક આવતો જણાય છે કારણ કે તેનાજ મળતીઆઓ હવે તેની સામે થયા છે કારણ કે જ્યારે એક બાજુ રૂથ ઉપર ફેન્ટોમસ આશક થયો છે ત્યારે બીજી બાજુ તેનોજ એક બુઢ્ઢો મળતીઓ પણ રૂથની ખુબસુરતી જોઇને ભાન ખોઈ બેઠો છે અને છેવટે કહો કે, તે પોતાનો જાન પણ ખોઈ બેઠો છે

ગ્લોબ સીનેમા, સેન્ડહર્સ્ટ રોડ

ફેન્ટોમસ યાને શરીફ બદમાશ

વીલ્યમ ફોક્ષ
નો ૪૦ ભાગની
તદન નવીજ ગી

ડીટેકટીવ
સીરીયલ

તમોએ ડીટેકટીવ સીરીયલો તો ઘણી બી જોઇ હશે પરંતુ ભેદ ભરમોથી ભરેલી આવી ડીટેકટીવ સીરીયલ તમોએ કદી જોઇ નથી



મીસ એડના મરફીએ આ સીરીયલમા કેવુ કમાલ કામ કર્યું છે તે ભલ ભલ એકટ્રોને પણ શરમાવે તેવુ છે

—

તેણી એક નાજુક નારી હોવા છતા કેવા કેવા ભયંકર કામો પુર છુટથી અને દમામથી કરી બતાવે છે તે જોઇ તમો અજાયબીનો આચકો ખાશો

આજ રાતે આજ રાતે આજ રાતે

આખી દુનીયાનો નામચીન હીરો પેલો રમુજનો રાજા

— ચારલી ચેપલીન —

ની બે ભાગની હસ્તા હસ્તા કલેજાના બે ભાગ થઇ જાય તેવી કોમીડી

ચારલી એક બીનહરીફ કોમીડીયન તરીકે પુરવાર થયો છે

આ હાસ્યરસના ઇજારેદારની આજે દુનીયામાં જોડી નથી.

ખિલાફત પ્રેસ, સુલતાન મેન્શન ડુંગરી મુંબઇ નં ૯